મરે મત માટે, જાંચમાં હમેશાં ખાંચ મારે છે
નાખે ઘાંચ નિર્ણયે, બચાવે ખૂની, સાંચ મારે છે,
આંચ આવતી નથી અહીં આતંકીઓને કદી -
સુપ્રીમ ચુકાદામાં રાજકારણ ચાંચ મારે છે.

વરસ્યો મેઘો
હેલી અનરાધાર
મન મૂકીને..

'થાય હુમલા'
- આતંકી પર, તંત્ર
રાખે નજર..
(ભારે હિંમત કરી...)

ચિંતન

નારુન્તુદઃ સ્યાદ્ તૌ અપિ ન પરદ્રોહ કર્મભિઃ । યયાસ્યોદ્વિજતે વાચા ના લોકયાં તામુદીરયેત્ ॥

'માણસ ભલેને ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં આવી પડે છતાં પણ તેણે પરદ્રોહકારક કર્મો વડે કોઇને માર્મિક પીડા ન પહોંચાડવી, કે જેનાથી લોકોને ઉદ્વેગ થાય એવી વાણી કે વર્તન પણ ન આચરવું.'

આજકાલ તો રાજાકરણ-એવું લોહિયાળ થઇ ગયું છે. સત્તાના માર્ગ વચ્ચે આવતા કંટકોને બેરહમીથી કચડી-ગોળી મારી - છૂંદી નાખે છે અને શત્રુઓ સામે એવી નીચલા સ્તરની અને હૃદયને દુભાવે એવી વાણી બોલે છે. બદલાની ભાવનાથી વર્તન કરે અને કોઇ પણ જૂના કિસ્સામાં સંડોવણી કરી એમને બદનામ પણ કરે.

માણસ ગમે તેવી મુશ્કેલીમાં, વિકટ પરિસ્થિતિમાં મુકાયો હોય છતાં એણે પોતાની સારપ ગુમાવવી ન જોઇએ. કોઇને મન-કર્મ-વચનથી પણ ઉદ્વેગ થાય એવી વાણી પણ ન બોલવી જોઇએ.

આપણને જે તકલીફ-દુઃખ-આપત્તિ આવ્યાં છે એની પાછળ આપણાં જ કર્મોનો દોષ છે, એવું વિચારી બીજાં લોકો પર દોષારોપણ ન કરવું જોઇએ.

સુવિચાર

- બસની મુસાફરીમાં ગમે તેટલા ધક્કા છતાં જો થાંભલો પકડી જ રાખવો પડે તો સંસારીની યાત્રામાં ગમે તેટલાં પ્રલોભનો વચ્ચે પણ પ્રભુવચનો પકડી રાખવાં. **- મોરારિ બાપુ**
- ખુદ સુધરવા માટે ત્રણ પ્રશ્નો રોજ આપણી જાતને પૂછવા (૧) આવતા જન્મે કયો અવતાર મળશે? (૨) મને ધન મળશે કે કેમ? (૩) મારા સંસ્કારોનું શું થશે? **- આચાર્ય જ્ઞાનગુણસાગરજી**
- બાહ્યજીવનની પ્રક્રિયાઓ ઉજાગર કરવાનું કામ જો વિજ્ઞાન કરે છે તો આંતરિક જીવનની પ્રક્રિયાઓ ઉજાગર કરવાનું કામ ધર્મ કરે છે. **- ફાધર વાલેસ**
- હિતકારી છતાંય મનોહર હોય, એવું વચન દુર્લભ છે. **- એસ. ભટ્ટાચાર્ય**
- વર્ણના, ધનના અને વિદ્યાના અભિમાનનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે.**- રામાનુજાચાર્ય**
- પ્રિય વિષયની અભિલાષા ક્યારેક નિવૃત્ત થતી નથી. **- જૈન કથન**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે અમુક વર્ષો-દિવસ-શ્વાસનું ઋણ ઇશ્વર પાસેથી લઇ વિશ્વમાં કોઇ 'વેપાર'-કામ કરવા આવ્યા છીએ. અને સત્કર્મો દ્વારા એનું ઋણ ચૂકવીને ઋણમુક્ત થઇ શકાય, પણ એ દિવસો - વર્ષો જો દુષ્કૃત્યોમાં વેડફી નાખીએ તો બીજા ભવમાં એ ઋણ ચૂકવવું પડે!

એક ઉદાર શેઠ પોતાના ગામના ગરીબ ખેડૂતોને વ્યાજે પૈસા આપતા. પણ એનો મુનીમ ચોખ્ખો હિસાબનીશ હતો. બધાનાં ખાતાં અને વ્યાજનો હિસાબ બરાબર રાખતો.

લખ્ખીસિંહ શેઠ પાસે હજાર રૂપિયા ઉધાર લેવા આવ્યો. મુનીમ પાસે મોકલ્યો. મુનીમે ચિઠ્ઠી વાંચી પૈસા તો આપ્યા પણ લખ્ખીની પરિસ્થિતિની મુનીમને ખબર હતી એટલે પૂછી નાખ્યું: ચૂકવશો ક્યારે? - આ ભવમાં - કે આવતા ભવે!!

લખ્ખીએ રૂઆબભેર જવાબ દીધો. 'આવતા ભવે.' રાત્રે શેઠની ભલાઇ પર ચિંતન કર્યું. પશ્ચાત્તાપ થયો. ખેતીમાંથી પૈસા બચાવ્યા. સંત પાસે ગયો અને પૂછ્યું આવતા ભવે લેણું ચૂકવવા માટે આ જન્મમાં શું કરવું જોઇએ?

સંત કહે - માર્ગમાં ક્યાંય પરબ નથી; પરબ બંધાવ! લોકો તને આશીર્વાદ આપશે જે પરભવમાં કામ આવશે.

લખ્ખીએ પરબ બંધાવી. આવકમાંથી તળાવ બંધાવ્યું. શેઠને સમાચાર મળ્યા. લેણું આ ભવમાં જ માફ કરી દીધું! આજે પણ યુપીના એકગામમાં 'લખ્ખી તળાવ' છે.

Email - sureshchandrabhatt18@gmail.com

'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે'

તંત્રી સ્થાનેથી....

અંગ્રેજોની ગુલામીમાં સબડતી માતૃભૂમિને આઝાદી અપાવવા ઈ.સ. ૧૮૫૭નું પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધ ખેલાયું એને બ્રિટિશ શાસકોએ 'ગદર' (બળવો) કહી ઉતારી પાડ્યું. સંદેશાવ્યવહારનાં ટાંચાં સાધનો અને અંગ્રેજી સત્તાને મારી હટાવવાની ઉતાવળમાં આ સામૂહિક પ્રયાસનો કરુણ અંજામ આવ્યો. મંગલ પાંડેથી લઈ બહાદુરશાહ ઝફર જેવા સ્વાતંત્ર્યવીરો પ્રત્યે જે ક્રૂર વ્યવહાર કરાયો એનો ઈતિહાસ જાણીતો છે. પરંતુ હવે જડબેસલાક સલામતી અને જાસૂસી તંત્ર ઊભું કર્યા છતાં અંગ્રેજી સત્તા સામે હિંદુસ્તાની પ્રજાના દિલોદિમાગમાં ભભૂકી ઊઠેલી આગ બુઝાવી શકાય એમ નહોતી. સને ૧૮૮૫ના ડિસેમ્બરની ૨૮મી તારીખે દેશી પ્રજાના હિતેચ્છુ હ્યુમની પ્રેરણાથી સ્થપાયેલી ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ સત્તાધીશો સમક્ષ હિંદુસ્તાનની પ્રજાની લાગણી અને માગણી રજૂ કરવાના મર્યાદિત ઉદ્દેશને અતિક્રમીને આઝાદીની ચળવળમાં ફેરવાઈ ગઈ એમાં સૌથી નોંધપાત્ર ફાળો લોકમાન્ય બાલ ગંગાધર ટિળકનો હતો. આ મહારાષ્ટ્રવાસી બ્રાહ્મણ એમના સમયના સૌથી બોલકા અને પ્રભાવશાળી રાષ્ટ્રીય નેતા હતા. એમણે 'કેસરી' અને 'મરાઠા' જેવાં અખબારો મારફત દેશી પ્રજાને અંગ્રેજ સત્તા સામે કેસરિયાં કરવા ઉશ્કેરી. અંગ્રેજ સરકારની આંખમાં કણાની જેમ ખૂંચતા ટિળકને અનેક વાર જેલવાસ ભોગવવો પડ્યો. પરંતુ એમની આઝાદીની કૂચને કોઈ જ ખાળી શકે એમ નહોતું. એમણે બુલંદ સ્વરે ઉદ્ઘોષણા કરી કે, સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જંપીશ. કૉંગ્રેસમાં જ એમના આ ઉગ્ર વલણ સામે ગોપાળકૃષ્ણ ગોખલે જેવા 'ધીરે ધીરે સુધારાનો સાર'વાળી સમાધાનવૃત્તિ ધરાવતા સૌમ્ય અને શાણા નેતાઓનું જૂથ સક્રિય હતું. પરંતુ એમની સુફિયાણી વાતોએ ટિળકની ઝુઝારુ લડાયક ઝુંબેશને ઊલટાની વધુ ઉગ્ર બનાવી દીધી. કૉંગ્રેસના સર્વોચ્ચ નેતા હોવા ઉપરાંત ટિળક એમના સમયના મોટા ફિલસૂફ પણ હતા. જેલમાં રહીને એમણે 'ગીતારહસ્ય' જેવું શ્રીમદ્ ભગવદ્ગીતાનું અણમોલ ભાષ્ય પણ રચ્યું તો બીજી તરફ, ગણેશ ચતુર્થીના ધાર્મિક ઉત્સવને મહારાષ્ટ્રની ગલીએ ગલીએ વિસ્તારીને એના માધ્યમથી પ્રજામાં રાષ્ટ્રીય ચેતનાનો સંચાર કર્યો. અંગ્રેજોને હિંદી પ્રજાની ધાર્મિક લાગણી સાથે અડપલાં કરવાથી કેવો વિસ્ફોટ થઈ શકે છે, એનો અનુભવ ૧૮૫૭ના વિપ્લવ સ્વરૂપે થઈ ચૂક્યો હતો. એથી ગણેશોત્સવ પર પ્રતિબંધ લાદવાનું સાહસ અંગ્રેજ સરકાર ન કરી શકી. ટિળકની આ અગમબુદ્ધિએ કમાલ કરી દીધી- જોતજોતાંમાં દેશ આખો આઝાદીની ચળવળમાં સામેલ થઈ ગયો. ટિળકને એમની હયાતીમાં આઝાદીનો સૂર્ય જોવા ન મળ્યો, પરંતુ આઝાદીની લડતને આખરી અંજામ સુધી પહોંચાડવામાં એમના સિંહફાળાની તો એમના ટીકાકારોએ પણ નોંધ લેવી પડી. દક્ષિણ આફ્રિકાના સફળ સત્યાગ્રહ પછી હિંદુસ્તાન પાછા ફરેલા મહાત્મા ગાંધીના મુંબઈ ખાતે યોજાયેલા ભવ્ય સન્માન સમારંભમાં ટિળક પણ હાજર રહ્યા હતા. જોકે, ગાંધીજીએ રાજકીય ગુરુ તરીકે શાણા અને ઓછાબોલા કૉંગ્રેસ અગ્રણી ગોખલે પર કળશ ઢોળ્યો અને એમના સૂચન મુજબ આખા વરસ લગી ભારતભ્રમણ કર્યા પછી જ મોઢું ખોલવાનું પસંદ કર્યું હતું, પરંતુ એમને ટિળક પ્રત્યે ઓછું માન નહોતું. જોકે, તત્કાલીન કેટલાક લોકોએ ટિળકના રાષ્ટ્રવાદને હિંદુ કટ્ટરવાદનું મહોરું પહેરાવી દઈ એમને ગાંધીથી નોખા ચીતરવાની ચેષ્ટા પણ કરી. ટિળક આપણી સ્વાતંત્ર્ય ચળવળના વૈતાલિક તરીકે અજરઅમર છે, અને યુગો સુધી દર ગણેશોત્સવ પ્રસંગે તથા પહેલી ઑગસ્ટના પવિત્ર દિવસે એમનું પુણ્યસ્મરણ થતું રહેશે.

શિક્ષણ સંદર્ભે મહાત્માના વિચારો

સ્વરાજની ચાવી જેટલી આપણી શિક્ષણ-પ્રણાલીમાં છે તેટલી સરકારના હાથમાં નથી

શાળા કૉલેજમાં જૂન મહિનાથી શરૂ થતું સત્ર એ શૈક્ષણિક વર્ષનો ચાલ છે, તો જૂનથી ઓગસ્ટ મહિનાનો ગાળો પ્રવેશ, ગણવેશથી માંડીને એલાન આંદોલનોનો ઘણે ભાગે જોવા મળે છે. બહુ સ્વાભાવિક છે કે શિક્ષણનો પ્રશ્ન પ્રત્યેક પરિવારને સ્પર્શતો હોય છે અને રાજકીય વ્યવસ્થા તંત્રમાં રાજકીય પક્ષો શિક્ષણના પ્રશ્નો લઈને જનમત ઘડતર સાથે આંદોલન એલાન ઝુંબેશને અંજામ આપતા હોય છે. આજે શિક્ષણનો પ્રશ્ન કે શિક્ષણની ચર્ચા ગલિપતિથી (નુક્કડ પર કે શોપિંગ સેન્ટર પર નવરાશે બેસતા સર્વે માટે એકવચનવાળો શબ્દ એમ સમજવું) લઈને રાષ્ટ્રપતિ સુધી વિસ્તરી છે, ત્યારે મહાત્મા ગાંધી શિક્ષણ વિશે આજથી સો વર્ષ પહેલાં કેવા વિચારો ધરાવતા હતા એની ફ્લૅશબૅક પ્રસ્તુત લેખમાં રજૂ કરી છે.

કે.જી. પ્રવેશમાં બાળકને અંગ્રેજી માધ્યમમાં મૂકવા કે ગુજરાતી માધ્યમમાં, એ ચર્ચા દરેક સ્તરે ચાલતી રહી છે ત્યારે ગાંધી પશ્ચિમની સીધી અસર હેઠળની અંગ્રેજી કેળવણી અને સંસ્કારની કેળવણી સમી પૂર્વની શિક્ષણ કેળવણીની ચર્ચા છેડતાં કહે છે, ''આપણે ત્યાં આપણી દરેક વસ્તુની સરખામણી પશ્ચિમી સંસ્કૃતિ સાથે કરવાનો રિવાજ પડી ગયો છે. આપણે કહીએ છીએ કે અમારી પૂર્વી સંસ્કૃતિ પશ્ચિમી સંસ્કૃતિ કરતાં ઘણી ચડિયાતી છે. પણ આપણું આચરણ આથી તદ્દન ઊલટું છે. તેથી ભારતીય વિદ્યાર્થીઓની શિક્ષણ પદ્ધતિ શુદ્ધ નથી રહી. તે વર્ણસંકર બની ગઈ છે. આપણા વિદ્યાલયોમાં આપણે પ્રાચીન ઋષિમુનિઓના વારસદાર ઉત્પન્ન કરી શકતાં નથી.''

૨૪ માર્ચ ૧૯૧૭ના રોજ 'સત્યધર્મ પ્રચારક' સામયિકમાં વાચકો સાથે આ પ્રશ્ન વિશે વિચાર-તાર સાંધતા મહાત્મા લખે છે - 'જે ધંધા પર દેશનો આધાર હોય તે ધંધાનું સામાન્ય જ્ઞાન બધા વિદ્યાર્થીઓને આપવું જોઈએ. આ સિદ્ધાંતનો કોઈ અસ્વીકાર નહીં કરે. આ સિદ્ધાંત પ્રમાણે આપણા બધા વિદ્યાર્થીઓને ખેતી અને વણાટનું શિક્ષણ આપવું જોઈએ કેમ કે ભારતવર્ષના લગભગ ૯૫ ટકા માણસો ખેતીકામમાં રોકાયેલાં છે. તેમાનાં ૯૦ ટકા લોકો પહેલાં વણાટનું કામ પણ કરતા હતા; શિક્ષિત લોકોને આ બે વસ્તુઓ પર ખ્યાલ રાખવાની ટકોર કરતાં કરતાં ગાંધી લેખમાં આગળ વધતાં કહે છે: આપણું શરીર જો તંદુરસ્ત નહીં હશે તો આપણે કાંઈ પણ કામ કરી નહીં શકીએ. તેથી વિદ્યાર્થીઓને બાળપણથી જ આરોગ્યશાસ્ત્રનું શિક્ષણ આપવું જરૂરી છે.'

બધી જ બાબતોનો આધાર ધર્મ પર રહેલો છે. અને સંસ્કૃતના અભ્યાસ વિના ધર્મશાસ્ત્રોનું ઠીક ઠીક જ્ઞાન મેળવવાનું અશક્ય છે. એટલે પ્રત્યેક હિન્દુ બાળકનો ધર્મ શીખી લે. પણ મને લાગે છે કે દરેક ઠેકાણે ગુરુકુળની વ્યવસ્થા અઘરી છે, આથી દરેક વિદ્યાર્થીને સંસ્કૃતના સામાન્ય શિક્ષણ સાથે શિક્ષણ પૂરું કરવું જોઈએ. અને જે વિદ્યાર્થીમાં અસાધારણ શક્તિ હોય તેને માટે ભલે વધારાની જોગવાઈ કરવામાં આવે.'- તેવી લાગણી વ્યક્ત કરતાં દેવભાષા તરીકે ઓળખાતી સંસ્કૃત ભાષાની મહત્તા સમજાવે છે.

આજના શિક્ષણમાં બહુ મહત્ત્વનો પ્રશ્ન કે મુશ્કેલ પ્રશ્ન એવો આવે છે કે વર્ગખંડમાં ઇતિહાસ કે ભૂગોળનું શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને પોતાના દેશના જ નજીકના ભૂતકાળની જાણકારી હોતી નથી કે ભૂગોળથી પરિચિત હોતા નથી. બીએ. કે એમ.એ.નો વિદ્યાર્થી ફ્રાન્સની રાજયક્રાંતિનો પાઠ ભણવાના ક્રમમાં આવતો હોય તો માહિતગાર હોય છે કે પિઝાના ઢળતા મિનારા વિશે જાણતો હોય છે; પણ ગુજરાત ૧૯૬૦માં દ્વિભાષી મુંબઈ રાજયમાંથી અલગ થયું એના વિષે - નજીકના ઇતિહાસ વિશે જાણતો હોતો નથી કે ૧૯૭૦ના દાયકામાં ગુજરાતના યુવાનોએ કરેલા નવનિર્માણ આંદોલન વિશે કશું જાણતો નથી. વર્ગખંડ શિક્ષણની એક બીબાંઢાળ શિક્ષણ પદ્ધતિને પરિણામે આપણાં ગુજરાતના યુવાનોએ જનનાયક એવા જયપ્રકાશ નારાયણને દેશવ્યાપી આંદોલનની પ્રેરણા આપી હતી એ તો ક્યાંથી ખબર હોય!

ગાંધીના શિક્ષણ સંબંધેના વિચારોની પ્રસ્તુતિ વધુ આવતા અંકમાં જોઈશું.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના લોકપ્રિય નેતા, સમાજ સુધારક અને સ્વાતંત્ર્ય સેનાની : લોકમાન્ય તિલક

બાલ ગંગાધર તિલક (જુલાઈ ૨૩ , ૧૮૫૬ ઓગસ્ટ ૧, ૧૯૨૦) ભારતના એક મુખ્ય નેતા, સમાજ સુધારક અને સ્વાતંત્ર્ય સેનાની હતા એઓ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના લોકપ્રિય નેતા હતા. એમણે સૌથી પહેલાં ભારતમાં પૂર્ણ સ્વરાજ ની માંગ ઉઠાવી હતી. એમનું કથન 'સ્વરાજ મેરા જન્મસિદ્ધ અધિકાર હૈ ઔર મૈં ઈસે લેકર રહૂંગા' ખુબ જ પ્રસિદ્ધ થયું. અંગ્રેજ વસાહતી હોદ્દેદારો તેમનું અપમાન કરવા અને તેમને નીચા પાડવા 'ભારતીય અશાંતિના જનક એવા નામે બોલાવતાં, જયારે ભારતીય લોકો તેમને સન્માન થી 'લોકમાન્ય નું વિશેષણ આપ્યું હતું જેનો અર્થ થતો લોકોને માન્ય એવા (નેતા).

લોકમાન્ય તિલકનો જન્મ જુલાઈ ૨૩, ૧૮૫૬ના દિવસે મહારાષ્ટ્ર રાજયના રત્નાગિરી જિલ્લાના એક ગામમાં થયો હતો. તેઓ આધુનિક કોલેજ શિક્ષણ મેળવનારી પહેલી ભારતીય પેઢીમાંના એક હતા. એમણે કેટલાક સમય સુધી શાળા અને કોલેજોમાં ગણિત ભણાવ્યું. એમણે દક્ષિણ શિક્ષણ સોસાયટીની સ્થાપના કરી, જેનું મુખ્ય ધ્યેય ભારતમાં શિક્ષણનું સ્તર સુધારવાનું અને શિક્ષણમાં ભારતીય સભ્યતા પ્રત્યે આદર શિખવાડવાનો શુભ હેતુ હતો.

તેમના પિતાજી જાણીતા શિક્ષક અને સંસ્કૃતના વિદ્વાન હતાં. ટિળક જયારે ૧૬ વર્ષના હતાં ત્યારે તેમના પિતા અવસાન પામ્યાં. તેમના પિતાની વિદ્વતાનો ગુણ તેમના માં પણ આવ્યો, તેમણે પુણેની ડેક્કન કોલેજ માંથી સન ૧૮૭૭માં સ્નાતકની પદવી મેળવી. કોલેજનો અભ્યાસ પામનારી પ્રથમ પેઢીમાં ટિળક સામેલ હતાં.

તે સમયની પરંપરા અનુસાર સામાજીક કાર્યોમાં સક્રીય રહેવાની ટિળક પાસે આશા રખાતી હતી. ટિળક માનતા હતાં કે ધર્મ અને ગૃહસ્થ જીવન જુદા નથી. સન્યાસ લેવાનો અર્થ જીવનનો ત્યાગ એવો નથી. ખરી ચેતનાતો એ છે કે જેમાં તમારા દેશને તમારું કુટુંબ માનવામાં આવે અને તેના ઉત્થાન માટે કાર્ય કરવામાં આવે. તેનાથી આગલ એક પગલું તે કે સર્વ માનવ સમાજ માટે ની સેવા કરવામાં આવે.

ટિળકે તેમના મિત્રો ગોપાલ ગણેશ આગરકર અને વિષ્ણુશાસ્ત્રી ચિપલુણકર સાથે મળી ઈ.સ. ૧૮૮૧માં બે વર્તમાન પત્રો ચાલુ કર્યાં : 'કેસરી (સંસ્કૃત અર્થ સિંહ) મરાઠી ભાષા અને 'ધ મરાઠા અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થતું.

ટિળકે સરકારની વિચાર સ્વાતંત્ર્ય પરની જોહુકમીનો પ્રખર વિરોધ કર્યો ખાસ કરીને બંગાળના ભાગલા ભારતીય સંસ્કૃતિ લોકજીવન આદિની અવહેલના સંદર્ભે તેઓ સરકારની સખત જાટકણી કાઢતાં. તેમણે બ્રિટીશરો ભારતને સ્વરાજય તાત્કાલ આપે તેવી માંગણી કરી.તિલકે મરાઠી ભાષામાં કેસરી નામક દૈનિક સમાચાર પત્ર શુરૂ કર્યું જે ખૂબ જ ટૂંકા ગાળામાં માં અત્યંત લોકપ્રિય થઇ ગયું. તિલકે અંગ્રેજી સરકારની ક્રૂરતા અને ભારતીય સંસ્કૃતિ પ્રતિ હીનભાવ રાખવા બદલ ઉગ્ર ટીકા કરી. એમણે નીડરતાથી બુલંદ માંગણી કરી કે બ્રિટિશ સરકાર તરત જ ભારતીયોને પૂર્ણ સ્વરાજ આપી દે. કેસરી સામાયિકમાં છપાયેલા એમના લેખોને કારણે એમને કેટલીય વાર જેલમાં મોકલવામાં આવ્યા.

૧૯૦૩માં તેમણે પુસ્તક લખ્યું ધ આર્કટીક હોમ ઇન વેદાસ.(વેદોનું આર્કટીક મૂળ) તેમાં તેમણે દલીલ કરી કે વેદોનું ઉદગમ આર્કટીક જ હોવું જોઈએ, અને આર્ય કવિઓ (ચારણો) દ્વારા હિમ યુગ પશ્ચાત તેને દક્ષિણ તરફ લાવવામાં આવ્યાં. તેમણે વેદોની રચનાના સમય શોધવાની નવો મૂળ માર્ગ બતાવ્યો.

ટિળકે એક અન્ય્સ પુસ્તક પણ લખ્યું 'શ્રીમદ ભાગવદ ગીતા રહસ્ય વિંય ફક્ષફ્હુતશત જ્ઞર શક્ષ વિંય ભાગવદગીતામાંના 'કર્મયોગ પર વિવેચન, જે વેદો અને ઉપનિષદોનો સાર છે.

અન્ય લેખન સંગ્રહો:

- જીવન, નીતિ અને ધર્મની હિન્દુ તત્વજ્ઞાન (મુદ્રણ૧૮૮૭). (વેદિક કાળાનુક્રમ અને વેદાંગ જયોતિષ.)
- લોકમાન્ય ટિળકના પત્રો, એમ. ડી. વિદ્વન્સ દ્વારા સંકલિત.
- લોકમાન્ય બાળ ગંગાધર ટિળકના ચૂંટેલા દસ્તાવેજો, ૧૮૮૦૧૯૨૦, રવિન્દ્ર કુમાર દ્વારા સંકલિત.

જેધે શકાવલી (સંપાદક)

અનુસંધાન પાના નં. ૭ પર

કોઇને મદદ કરવાની સ્થિતિમાં હોવું એ માનવીને ઇશ્વર તરફથી મળેલું મોટું સન્માન છે

અમેરિકાના એક યુવાને પોતાની દીકરીના જન્મ નિમિત્તે એક ટ્રસ્ટ શરૂ કર્યું. દીકરી એક વર્ષની થઇ ત્યારે તેણે દીકરીને સંબોધીને પત્ર લખ્યો.

વ્હાલી દીકરી,

તારા રૂપે ઇશ્વરે અમને એક વરદાન આપ્યું છે. તારી સામે એક આદર્શ ઊભો થાય તેવી રીતે જીવવાનો અમે પ્રયત્ન કરીશું. હું બહુ શ્રીમંત નથી. મારી પાસે મોટી બચત પણ નથી. છતાં મેં મારી કોર્પોરેટ જોબ છોડી સાદું જીવન અપનાવ્યું છે. બને તેટલી સંપત્તિ અને શક્તિ ભલાઇના કામમાં વાપરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી હું ખૂબ જ સુખ અને શાંતિનો અનુભવ કરું છું. મારું જીવન સાર્થક થતું હોય તેમ લાગે છે.

કોલાહલ અને ભાગદોડથી ભરેલા આ વિશ્વમાં કેટલાય લોકો એવા છે જે જીવન જરૂરિયાતની જરૂરી ચીજવસ્તુઓ મેળવી શક્યા નથી. અહીં અભાવ અને વંચિતતાથી પીડાતા અનેક લોકો છે.

દીકરી, હું માનું છું કે તેઓ આપણા જ ભાઇ-બહેનો છે. તેમનું દુઃખ શું આપણું દુઃખ નથી? આપણી પાસે જો થોડું વધારે હોય તો આપણે તેમને મદદ ન કરવી જોઇએ?

જીવનમાં માનવી ધન અને પ્રતિષ્ઠા જે કાંઇ મેળવે છે તેનો કોઇ ઉપયોગ નથી તેવું હું નથી કહેતો, પણ આ બધું વ્યક્તિની સાથે નથી જઇ શકતું. જીવનના અંતે માનવી સાથે એ સંતોષ જ રહે છે જે તેણે લોકોના હૃદયમાં ઝંકૃત કર્યો છે. લોકોને ખરા દિલથી મદદ કરી છે. તેથી જ હું એવું માનું છું કે કોઇને મદદરૂપ થવું તે ફક્ત કર્તવ્ય જ નથી, પણ કોઇને મદદ કરવાની સ્થિતિમાં હોવું તે માનવીને ઇશ્વર તરફથી મળેલું એ મોટું સન્માન છે.

આપણે ક્યાં જન્મ લઇએ છીએ તે આપણા હાથમાં નથી પણ આપણને મળેલી જિંદગીનો કેવો ઉપયોગ કરવો તે ચોક્કસ આપણા હાથમાં છે. કોઇના જીવનમાં થોડી સગવડ, થોડો આનંદ ઉમેરી શકવા જેટલી ધન્યતા બીજા કશામાં નથી. અને તે એટલું અઘરું પણ નથી.

આજુબાજુમાં રહેલા જરૂરતમંદ કોઇ એકને મદદ કરી નાની શરૂઆત કરી શકાય છે.

- તારો પિતા

પિતા દ્વારા પોતાની દીકરીને લખાયેલા પત્રમાં થોડામાંથી થોડું આપવાની દાન કરવાની વૃત્તિને પોંખવામાં આવી છે.

''બીજાને પરાયા માનવા અને તેમની ગરીબી તરફ આંખ આડા કાન કરવા તે સૌથી મોટી હિંસા છે. જયાં સુધી આર્થિક અસમાનતા ચાલુ રહેશે ત્યાં સુધી હિંસાનો અંત નહીં આવે.'' આ શબ્દો છે મોહનદાસ કરમચંદ ગાંધીના. ભારતનાં ગરીબો અને શ્રીમંતો વચ્ચે મોટી ખાઇ વધતી જાય છે. પશ્ચિમમાં અનેક અને ભારતમાં કેટલાક શ્રીમંતો મોટા દાન કરી એક સમૃદ્ધ પરંપરા સ્થાપી રહ્યા છે. ગાંધીજીએ શ્રીમંતોને પોતાની સંપત્તિના માલિક નહીં પણ ટ્રસ્ટી થઇને રહેવાનો અને તેનો સદુપયોગ કરવાનો ટ્રસ્ટીશિપનો સિદ્ધાંત આપેલો.

આજે યુરોપ-અમેરિકામાં અને હવે ભારતમાં પણ ઘણા બધા બુદ્ધિમાનો સ્ટેટસ, પૈસા, કીર્તિ અને કારકિર્દી પાછળની દોડમાં કંટાળી ગયા છે અને સાદું, અર્થપૂર્ણ જીવન ઇચ્છે છે. તેનું જ્વલંત ઉદાહરણ ઓસ્કાર વિજેતા અભિનેત્રી ગાયનેથ પેલ્ટ્રોએ પૂરું પાડ્યું છે. વિદેશમાં સ્થિર થયેલાં ભારતીયોમાંના ઘણા ભારતમાં પાછા આવીને તે વિસ્તારોમાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ અને સેવા કાર્યો કરી રહ્યા છે.

ગીતામાં સ્વધર્મની વાત છે. માનવીના જીવન પર સમાજ અને સમગ્ર સૃષ્ટિનું ઋણ છે. જે કંઇ મેળવેલું છે તેમાંથી સમાજમાં પાછું વાળવું તે જ સાચો સ્વધર્મ. આ ધર્મનું પાલન નથી થતું તેથી જ ગરીબી અને પર્યાવરણના અનેક પ્રશ્નો ઊભા થાય છે. સૃષ્ટિ અને સમાજ પાસેથી જે કંઇ મેળવેલું છે તેને યત્કિંચિત પાછું વાળવું દરેક મનુષ્યની ફરજ છે.

''વી ગેવ અવે અ ફોર્ચ્યુન'' ના લેખક ક્રિસ્ટોફર મોગિલ નોંધે છે કે માનવતા તેમજ પૃથ્વીના એક અંશરૂપે એક યથાર્થ તેમજ સન્માનીય જીવન કેવી રીતે જીવવું તેની સાચી સમજ મને પ્રાપ્ત થઇ છે. જરૂરિયાતમંદોને મદદ કરવાથી કંઇક કર્તવ્ય નિભાવ્યાનો આનંદ વ્યક્ત કરું છું. હું જીવનને વધુ સમૃદ્ધ અને સાર્થક બનાવ્યાની સુખદ લાગણી અનુભવું છું.

મહાત્મા ગાંધીએ આ સંદર્ભે સુંદર વાતો કરી છે. તેઓ નોંધે છે કે આ પૃથ્વી પર તમામ રહેવાસીઓને જરૂરિયાત પૂરી થઇ શકે તેટલાં સંસાધનો છે. પણ એક વ્યક્તિની મહત્ત્વાકાંક્ષાને, લાલચને, પૂરી કરી શકે તેટલાં સંસાધનો નથી. બાપુએ તદ્દન સાચી વાત કરી. જો મનુષ્ય પોતાની જરૂરિયાત પૂરતું જ વાપરે તો પૃથ્વી પર તમામ માટે બધું છે. પણ મનુષ્યના લોભને થોભ નથી. વાપરી ન શકાય તેટલું ધન જો તેની પાસે હોય તોય હજી તેને વધુને વધુ મેળવવાની લાલચ રહે છે. પરિણામે અમુક લોકોના હાથમાં એટલી બધી સંપત્તિ એકઠી થઇ ગઇ છે કે બાકીના લોકો જીવન જરૂરિયાતની વસ્તુથી પણ વંચિત રહે છે.

સંપત્તિનું આવું અસમાન વિતરણ અનેક વિઘાતક પરિણામો લાવે છે. આવા વિચારથી દુનિયાના ઘણા શ્રીમંત સજ્જનો પોતાની સંપત્તિનું દાન કરતાં હોય છે અને વંચિત તથા ગરીબ લોકોને મદદ કરવાની કોશિશ કરતાં હોય છે.

અનુસંધાન પાના નં. ૭ પર

સાહિત્ય - તરુણાવસ્થામાં પોષણરૂપ છે, વૃદ્ધાવસ્થામાં આનંદરૂપ છે, સંપત્તિમાં શણગારરૂપ અને વિપત્તિમાં દિલાસારૂપ છે

'સાહિત્ય વૃત્ત સંચય'

- ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને કવિ દલપત પઢિયારનાં કાવ્યોનું કાવ્યપઠન, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાતા 'આપણો કવિતા વારસો' કાર્યક્રમ અંતર્ગત; નર્મદ સાહિત્ય સભા, સુરતના સહયોગથી તા. ૨૯-૫-૨૦૧૫ના રોજ થયું જેમાં સ્વાગતભૂમિકા જનક નાયકે બાંધી અને કવિ પરિચય રવીન્દ્ર પારેખે કરાવ્યો હતો.
- 'નર્મદ સાહિત્ય સભા' અને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ઉપક્રમે તા. ૨૬-૫-૨૦૧૫ના રોજ સુરત ખાતે, ઉર્દૂના ખ્યાતનામ શાયર 'મુનવ્વર રાણાની ગઝલો - સામ્પ્રત સમયમાં' વિશે દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ કવિ બકુલેશ દેસાઇના પ્રમુખ સ્થાને યોજાયો, જેમાં ધ્વનિલ પારેખે મુનવ્વર રાણાની ગઝલો સંદર્ભે દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ રજૂ કર્યો.
- સરદાર ભવન ટ્રસ્ટ, વડોદરા દ્વારા 'ચર્ચાચોરો'ના ૬૪મા મણકામાં જાણીતા કવિ, ચિંતક અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ 'જિંદગી જિંદાદિલીનું નામ છે' વિ